જે. એલ. ટ્રસ્ટ સંચાલિત કે. કે. શાહ જરોદવાલા મણિનગર સાયન્સ કોલેજ, અમદાવાદમાં આવેલ નીચે મુજબની ભરતી કરવાની થાય છે.

| ક્રમ નં. | જગ્યાનું નામ | ખાલી જગ્યા | કેટેગરી | NOC ની વિગત |
|---|---|---|---|---|
| ૧ | લેબ. આસી. (Biology) | ૦૧ | જનરલ (સામાન્ય) | ઉ. શિ. કમિ. શ્રી ના તા. ૦૮/૧૨/૨૦૨૩ ના પત્ર જા.ક્ર. નં. કવટ/ISC3/એન.ઓ.સી / ૨૦૨૩-૨૪ /૨૪૫૬૭-૭૧ અને તા. ૧૧/૧૦/૨૦૨૪ ના પત્ર જા.ક્ર. નં.કવટ/ISC3/લેબ. આસી/ પુ.મં. / ૨૦૨૪ / ૧૦૮૮૬ |
| ૨ | લેબ. આસી. (Chemistry) | ૦૧ | અનામત (SEBC) | ઉ. શિ. કમિ. શ્રી ના તા. ૦૩/૦૨/૨૦૨૪ ના પત્ર જા.ક્ર. નં. કવટ/ISC3/ એન.ઓ.સી /૨૦૨૩-૨૪/૧૭૧૪-૧૮ અને તા. ૧૧/૧૦/૨૦૨૪ ના પત્ર જા.ક્ર. નં. કવટ/ISC3/લેબ. આસી/ પુ.મં. / ૨૦૨૪ / ૧૦૮૮૬ |

- ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના જાહેરાત ક્રમાંક ૨૪૧/૨૦૨૪-૨૫ અને ૨૪૩/૨૦૨૪-૨૫ માં ભરતી પ્રક્રિયામાં દર્શાવેલ પ્રવર્તમાન નિયમ મુજબ પરીક્ષા લેવામાં આવશે. ● માન્ય યુનિવર્સિટીમાંથી વિજ્ઞાન શાખામાં સ્નાતકની લાયકાત ધરાવતા હોવા જોઈએ તથા સરકારશ્રીના શિક્ષણ વિભાગના વખતોવખતના ઠરાવો મુજબ લાયકાત ધરાવતા હોવા જોઈએ. ● રાજ્ય સરકારશ્રીની માન્ય સંસ્થામાંથી કમ્પ્યૂટર પરીક્ષા પાસ કરેલી હોવી ફરજીયાત છે. ● રાજ્ય સરકારશ્રીના ધારાધોરણ અનુસાર આ જગ્યા પાંચ વર્ષ માટે રૂ.૨૬,૦૦૦/- ફિક્સ પગારની રહેશે, જે પાંચ વર્ષ પૂર્ણ થયેથી નિયમિત કરી શકાશે. ● અન્ય કોઈ ભથ્થા કે લાભો મળવાપાત્ર નથી ● વિધાર્થી સંખ્યા ઘટે અથવા કોઈ કારણોસર સદર જગ્યા રદ થાય તો ફાજલનું રક્ષણ મળવાપાત્ર નથી. ● અનામત વર્ગમાં ભરતી માટે આપેલ અરજીના ઉમેદવારને અનામત વર્ગના નિયમો લાગુ પડશે અને અનામત વર્ગમાં જ અરજી માન્ય થશે.
- જરૂરી લાયકાત ધરાવનાર ઉમેદવારે ૫૦૦ રૂ. ના જે. એલ. ટ્રસ્ટ ના નામનો ડી ડી, L.C. ગુણપત્રકો, પાસપોર્ટ સાઈઝનો ફોટો, અને અનુભવના પ્રમાણપત્રોની નકલો સાથેની અરજી જાહેરાત પ્રસિધ્ધ થયાથી દિન-૧૦ માં રજી.એડી પોસ્ટથી જે. એલ. ટ્રસ્ટના સરનામે મોકલી આપવાની રહેશે. નોકરી કરતા ઉમેદવારોએ પોતાની સંસ્થા મારફતે, N.O.C. સહિત અરજી કરવાની રહેશે. ● અધુરી અને અસ્પષ્ટ વિગતવાળી કે પ્રમાણપત્રોની નકલો વગરની અરજી અને માન્ય રાખી શકાશે નહીં. ● ઉમેદવારે અરજી કયા વિષય માટે કરેલ છે તે અરજીમાં સ્પષ્ટ જણાવવાનું રહેશે. ● સમય મર્યાદા બાદ મળેલ અરજી તથા રજિસ્ટર્ડ એડી. સિવાય અન્ય માધ્યમથી મળેલ અરજી માન્ય ગણવામાં આવશે નહીં. ● ભરતી અંગેની વિગતવાર માહિતી કે. કે. શાહ કોલેજની વેબસાઈટ એડ્રેસ https://kksjmsc.com પર જોઈ શકાશે.
- અરજી મોકલવા માટેનું સરનામું - સેક્રેટરીશ્રી, જે. એલ. ટ્રસ્ટ, રામબાગ પોલીસ સ્ટેશનની બાજુમાં, રામબાગ, મણિનગર, અમદાવાદ - ૦૮

ઉપપ્રમુખશ્રી/ માનદ્ મંત્રીશ્રી

સ્થળ ઃ અમદાવાદ

તા. ૧૫ .૧૦.૨૦૨૪

**સંદેશ ન્યૂઝપેપર તા. ૧૫.૧૦.૨૦૨૪**

# <u>લેબ આસિસ્ટન્ટ</u>

<u>પગાર ધોરણ</u> ઃ પ્રથમ પાંચ વર્ષ માટે રૂ. ૨૬૦૦૦ ફિક્સ પગાર

<u>પોસ્ટની સંખ્યા</u> ઃ કુલ – ૦૨ ઉમેદવારો માટે
૧. બિન-અનામત (બાયોલોજી)
૨. અનામત (SEBC) (કેમેસ્ટ્રી)

<u>શૈક્ષણિક લાયકાત</u> ઃ

૧. માન્ય યુનિવર્સિટીમાંથી વિજ્ઞાન શાખામાંથી સ્નાતક કક્ષાની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની જાહેરાત ક્રમાંક ૨૪૧ અને ૨૪૩ /૨૦૨૪-૨૫ માં દર્શાવેલી શૈક્ષણિક લાયકાત હોવી જોઈએ.
૨. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય)નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કમ્પ્યૂટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ.
૩. ઉમેદવાર ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

<u>રાષ્ટ્રીયતા</u> ઃ

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ - ૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.

<u>વય મર્યાદા</u> ઃ

૧. ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.
૨. તારીખ ઃ ૨૫.૧૦.૨૦૨૪ ના રોજ ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહિં અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
૩. ગુજરાત રાજ્ય સરકારના નિયમ મુજબ વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે.

## <u>સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) ના ઉમેદવારો માટે</u>

૧. મૂળ ગુજરાતના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ(SEBC) ના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

૨. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવાની રહેશે.

૩. ઉમેદવારે અરજીપત્રકના કેટેગરીના કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહિ હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક દાવો માન્ય રાખવામાં આવશે નહિં.

૪. અનામત વર્ગના ઉમેદવારોએ જાતી અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતોવખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઈએ તથા સત્તા મંડળ દ્વારા જણાવવામાં આવે ત્યારે અચૂક સામેલ કરવાનું રહેશે. જાતિ પ્રમાણપત્ર રજૂ કરવામાં ઉમેદવાર નિષ્ફળ જશે તો ઉમેદવારી "રદ" ગણવામાં આવશે.

૫. SEBC કેટેગરી (સા. શૈ. પ. વર્ગ) ના ઉમેદવારોએ નોન-ક્રીમીલેયર સર્ટીફીકેટની મહત્તમ અવધિ ઈશ્યુ થયા વર્ષ સહીત ત્રણ નાણાંકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે અરજી કરવાની છેલ્લી તા. ૨૫.૧૦.૨૦૨૪ સુધીમાં ઈશ્યુ થયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર છેલ્લા ૩ વર્ષ દરમ્યાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જ્યાનો લાભ મળશે.

૬. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવું નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેની અરજી "રદ" કરવામાં આવશે.

૭. સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણ (એટલે કે વયમર્યાદા, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતા વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિન-અનામત જ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

૮. ઉમેદવારે અરજીપત્રકમાં વિગતો ભરતા સામયે જાતિ (કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તે અરજીપત્રક કન્ફર્મ થયેથી જતી (કેટેગરી) માં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં.

૯. અનામત વર્ગના ઉમેદવારો બિન-અનામત જ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન-અનામતના ધોરણો લાગુ પડશે.

**<u>સામાન્ય સૂચનાઓ :</u>**

**૧. ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રકમાં જે તે તબક્કે "રદ" ગણવામાં આવશે.**

**૨. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નિયમો અનુસાર ઉપરોક્ત જગ્યાઓની ભરતી કરવા માટે ૨ વિભાગોમાં બહુવિકલ્પ વાળી પરીક્ષાનું આયોજન કરવામાં આવશે.**

**૩. આ પરીક્ષાની વિગતવાર માહિતી માટે કોલેજની વેબસાઈટ** https://kksjmsc.com **પર જોતા રહેવું.**

**૪. જરૂરત ઉપસ્થિત થયે પરીક્ષા સંદર્ભેની જરૂરી સૂચનાઓ ઉમેદવારને મોબાઈલ નંબર પર એસ.એમ.એસ.થી આપવામાં આવશે માટે સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી આ નંબર જાળવી રાખવો એ આપના હિતમાં છે.**

**૫. ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ "રદ" થવાને પાત્ર બનશે.**

**૬. ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વિગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ "રદ" કરી શકાશે તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે તેમજ જો પસંદગી/નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક મંડળ/નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈ પણ તબક્કે "રદ" કરવામાં આવશે.**

**૭. સત્તામંડળ દ્વારા લેવાનાર લેખિત પરીક્ષા કે મુખ્ય લેખિત પરીક્ષામાં ઉતીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે.**

**૮. પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.**

**૯. ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ (વખતો વખતના સુધારા સહીત) અને તે અન્વયે જે તે બિન-અનામત અને અનામત** (SEBC) **ના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધિન રહેશે.**

**૧૦. સદર ભરતી પ્રક્રિયા અન્વયે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા નક્કી કરેલ ભરતીનાં નિયમો અને લાયકાતના ધોરણો મુજબ કરવામાં આવશે.**

૧૧. એન. ઓ. સી.ની શરત મુજબ આ જગ્યા પાંચ વર્ષ માટે ફિક્સ પગારની રહેશે. પાંચ વર્ષ પૂર્ણ થયે કામગીરીની સમીક્ષા કર્યા બાદ મંજૂર થયેલ લઘુત્તમ પગાર ધોરણમાં નિમણૂંક આપવામાં આવશે.

૧૨. પ્રથમ પાંચ વર્ષ દરમ્યાન કોઈ ભથ્થા તેમજ તેના આનુષંગિક કે અન્ય કોઈ લાભો મળવાપાત્ર રહેશે નહિં.

૧૪. નિમણૂંક પામનાર ઉમેદવારો ઉપર દર્શાવ્યા મુજબની તા.૦૮.૧૨.૨૦૨૩ અને તા.૦૩.૦૨.૨૦૨૪ ના રોજ મળેલ એન.ઓ.સી. ની તમામ શરતો બંધનકર્તા રહેશે.

૧૫.આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સત્તા મંડળને સંપૂર્ણ હક/અધિકાર રહેશે અને સત્તા મંડળ આ કારણો આપવા બંધાયેલ રહેશે નહિં.

<u>પરીક્ષા ફી ઃ</u>

- જે ઉમેદવારે ૫૦૦ રૂ. નો જે. એલ. ટ્રસ્ટના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ જોડેલો નહિ હોય ઉમેદવારોની અરજી માન્ય રહેશે નહિ તથા તે ઉમેદવારોનું અરજી ફોર્મ કોઈ પણ જાતની જાણ કર્યા વગર સત્તા મંડળ દ્વારા “રદ” કરવામાં આવશે.
- ઉપરોક્ત જગ્યા માટે પરીક્ષા આપવી ફરજિયાત છે. જે ઉમેદવારો પરીક્ષાઓમાં ઉપસ્થિત રહેશે નહિ તેઓની ઉમેદવારી “રદ” ગણવામાં આવશે.
- પરીક્ષા આપવા માટે પરીક્ષાર્થીએ પરીક્ષાના સ્થળે સમય કરતા અડધા કલાક પહેલા અને સ્વખર્ચે હાજર રહેવું પડશે. પરીક્ષા નીચે દર્શાવેલ સ્થળ પર લેવામાં આવશે.
- પરીક્ષા અંગેનું માળખું અને પરીક્ષાની તારીખ વેબસાઈટ પર મૂકવામાં આવશે.

<u>પરીક્ષા સ્થળ ઃ</u>

કે. કે. શાહ જરોદવાલા મણિનગર સાયન્સ કોલેજ,
રામબાગ પોલીસ સ્ટેશનની બાજુમાં, રામબાગ,
મણિનગર, અમદાવાદ- ૩૮૦૦૦૮
ફોન નં. - ૦૭૯-૨૫૪૬૧૦૬૦

**<u>નોંધ ઃ</u> ઉપરોકત સમગ્ર ભરતી પ્રક્રિયા અંગેની માહિતી વેબસાઈટ https://kksjmsc.com પર સમયાંતરે મૂકવામાં આવશે જેથી ઉમેદવારે આ વેબસાઈટ અવારનવાર જોતા રહેવું.**